Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :33• Date : 05-12-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

# હવે ગરીબો કોર્ટ-કચેરીમાં પગ મૂકતાં ગભરાશે નહીં, સમય પર મળશે ન્યાય: PM મોદી



એજન્સી દ્વારા

ચંડીગઢ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ પંજાબના ચંડીગઢની મુલાકાતે છે. અહીં તેમણે ત્રણ નવા ફોજદારી કાયદાના સફળ અમલીકરણના લોકાર્પણ પ્રસંગે નાગરિકોને સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું કે, 'વર્તમાન સમયમાં દેશ વિકસિત ભારતના સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે અને બંધારણના ૭૫ વર્ષ પણ પૂરા થયા છે, ત્યારે હાલના સમયમાં બંધારણની ભાવનાથી પ્રેરિત 'ભારતીય ન્યાયિક સંહિતા'નો પ્રારંભ થવો, બહુ મોટી વાત છે. હવે ગરીબો કોર્ટ-કચેરીમાં પગ મૂકતાં ગભરાશે નહીં, સમય પર ન્યાય મળશે.'

તેમણે કહ્યું કે, 'અગાઉના સમયમાં ગુનેગારો કરતા નિર્દોષોમાં વધુ ડર રહેતો હતો. અનેક મહત્ત્વના કાયદાઓ ચર્ચાથી દૂર રખાયા હતા. દેશમાં કલમ-૩૭૦, ત્રિપલ તલાક પર ઘણી ચર્ચા થઈ અને હવે વક્ફ સંશોધન વિધેયક પર ચર્ચા થઈ રહી છે. દેશના નાગરિકોએ આપણા બંધારણમાં જે કલ્પના કરી હતી, તેને પૂરા કરવાનો આ ચોક્કસ પ્રયાસ છે. હું હંમેશા સાંભળતો આવ્યો છું કે, કાયદાની નજરમાં બધા સમાન હોય છે, પરંતુ વ્યવહારિક સત્ય કંઈક અલગ જ હોય છે. કાયદો તમામ પેઢી પ્રત્યેની સંવેદનાઓથી પરિપૂર્ણ છે.

તેમણે કહ્યું કે, 'દેશની આઝાદી પછીના સાત દાયકામાં ન્યાય વ્યવસ્થા સામે પડકારો હતા, જેના પર અમે ઊંડાણપૂર્વક ચર્ચા કરી. અમે તમામ કાયદાની વ્યવહારિક સ્થિતિ જોયાબાદ તેમાં ફેરફાર કરી તેને કડક બનાવ્યા અને હવે તેનું પરિણામ ભારતીય ન્યાયિક સંહિતાના રૂપે આપણી સામે આવ્યું છે. હું આ માટે સુપ્રીમ કોર્ટ, માનનીય ન્યાયાધીશો, દેશની તમામ હાઈકોર્ટોનો વિશેષ આભાર વ્યક્ત કરું છું.' તેમણે વધુમાં કહ્યું કે, 'અનેક દાયકાઓની ગુલામી બાદ આપણો દેશ ૧૯૪૭માં આઝાદ થયો. અનેક પેઢીઓએ રાહ જોયા બાદ, લોકોના બલિદાન બાદ આઝાદીની સવાર પડી. તે વખતે લોકોમાં કેવા સ્વપ્નો હતા, દેશમાં કેવો ઉત્સાહ હતો. દેશવાસીઓએ વિચાર્યું હતું કે, અંગ્રેજો ગયા છે, તો અંગ્રેજી કાયદાઓમાંથી પણ મુક્તી મળશે. અંગ્રેજો આ કાયદાના માધ્યમથી અત્યાચાર અને શોષણ કરતા હતા. આ કાયદા ત્યારે બનાવવામાં આવ્યા હતા જ્યારે બ્રિટિશ સરકાર ભારત પર પોતાનો દબદબો જાળવી રાખવા કંઈ પણ કરવા તૈયાર હતી. વડાપ્રધાને કહ્યું કે, હવે મહિલાઓ સામે દુષ્કર્મ જેવા જઘન્ય અપરાધોમાં પહેલી સુનાવણીના ૬૦ દિવસની અંદર આરોપ ઘડવો જ પડશે. સુનાવણી શરૂ થયાના ૪૫ દિવસમાં ચુકાદો આપવાનું પણ ફરજિયાત કરાયું છે. એ પણ નક્કી કરાયું છે કે, કોઈપણ કેસની સુનાવણી બે વખતથી વધુ મુલતવી રખાશે નહીં. ભારતીય ન્યાયિક સંહિતાના મૂળ મંત્ર નાગરિકોની પ્રાથમિકતા છે. આ કાયદાઓ પ્રજાના અધિકારોના રક્ષક બની રહ્યા છે અને ન્યાયની પહોંચની સુવિધા આપે છે. પહેલા FIR નોંધવી ઘણી મુશ્કેલ હતી, પરંતુ હવે શૂન્ય એફઆઈઆરને પણ કાનૂની સ્વરૂપ અપાયું છે. હવે ગમે ત્યાંથી કેસ દાખલ કરવાની સુવિધા મળી છે. એફઆઈઆરની નકલ પીડિતને મળવી જોઈએ, તેઓ અધિકાર અપાયો છે. હવે આરોપી વિરુદ્ધનો કેસ પડતો મૂકવો હોય તો પીડિતાની સંમતિ મળે, ત્યારે જ પડતો મૂકાશે. આ ઉપરાંત પોલીસ પોતાની ઈચ્છા મુજબ કોઈપણ વ્યક્તિને અટકાયતમાં લઈ શકશે નહીં. તેમણે કહ્યું કે, 'જો કોઈ રસ્તા પર અકસ્માતનો ભોગ બને તો લોકો તેની મદદ કરતા પણ ડરતા હતા. તેમને લાગે છે કે, તેઓ આ ઝંઝટમાં ફસાઈ જશે, જોકે હવે આવી મદદ કરનારા લોકો આવી ઝંઝટમાંથી મુક્ત થઈ ગયા છે. બ્રિટિશ શાસનના ૧૫૦૦થી વધુ જૂના કાયદાઓ નાબૂદ કરાયા છે. જ્યારે કલમ ૩૭૦ અને ટ્રિપલ તલાકને નાબૂદ કરાઈ ત્યારે ઘણી ચર્ચા થઈ હતી. આ દિવસોમાં વકફ બોર્ડ સાથે જોડાયેલા કાયદા પર ચર્ચા ચાલી રહી છે. આપણે તે કાયદાઓને સમાન મહત્વ આપવું જોઈએ જે નાગરિકોના ગૌરવ અને આત્મસન્માનને વધારવા માટે બનાવવામાં આવે છે.'પીએમ મોદીએ કહ્યું કે, 'ચંદીગઢમાં વાહન ચોરીના મામલામાં કેસ નોંધાયા બાદ કોર્ટે માત્ર બે મહિના અને ૧૧ દિવસમાં સજા સંભળાવી અને તેને સજા પણ મળી ગઈ. અશાંતિ ફેલાવનાર અન્ય એક આરોપીને પણ માત્ર ૨૦ દિવસમાં સંપૂર્ણ સુનાવણી બાદ કોર્ટમાં સજા ફટકારાઈ હતી. દિલ્હીમાં પણ એક કેસમાં એફઆઈઆરથી નિર્ણય લેવામાં માત્ર ૬૦ દિવસનો સમય લાગ્યો હતો. આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારાઈ હતી. બિહારના છપરામાં એક હત્યા કેસમાં FIRથી ચુકાદો આવવામાં માત્ર ૧૪ દિવસનો સમય લાગ્યો હતો અને આરોપીઓને આજીવન કેદની સજા જાહેર કરાઈ હતી. આ નિર્ણય ન્યાયિક સંહિતાની તાકાત અને અસર દર્શાવે છે.

# સરહદ પર શાંતિ વિના બંને દેશોના સંબંધો સામાન્ય ન રહી શકે: એસ.જયશંકર

એજન્સી દ્વારા

નવીદિલ્હી

ભારત અને ચીન વચ્ચે વર્તમાન સમયમાં સંબંધો કેવા છે, બંને દેશોની સરહદ પર સ્થિતિ છું ? તે અંગે વિદેશમંત્રી એસ.જયશંકરે લોકસભામાં તમામ જવાબ આપ્યા છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, 'બંને દેશો તરફથી પૂર્વ લદ્દાખના વિસ્તારોમાં સેના પાછી ખેંચવાની કામગીરી પુરી થઈ ગઈ છે. બંને દેશો સરહદ વિવાદ ઉકેલવા માટે દાયકાઓથી વાત કરી રહી છે. અમે પરસ્પર સહમતિથી વિવાદ ઉકેલવા માટે સંમત થયા છીએ. ચીને મે-જૂન ૨૦૨૦માં સરહદ પર અનેક સૈનિકો તહેનાત કર્યા હતા, જેના કારણે ભારતીય સેનાને પેટ્રોલિંગ કરવામાં સમસ્યા ઉભી થઈ હતી. ગલવાન ખીણમાં અથડામણ થયા બાદ બંને દેશો વચ્ચે તણાવ વધ્યો હતો. પછી ભારતે પણ વળતો જવાબ આપી LCA પર મોટી સંખ્યામાં હથિયારો અને સૈનિકો તહેનાત કર્યા હતા.

તેમણે લોકસભામાં કહ્યું કે, 'એલએસી પર ડિસએન્ગેજમેન્ટની કામગીરી પુરી થઈ ગઈ છે. લદ્દાખ અને ડેમચોકમાં પણ કામગીરી પુરી કરી દેવાઈ છે. હવે અમે તણાવ ઘટાડવા સહિતના મુદ્દાઓ પર વાતચીત કરી રહ્યા છીએ. નવી ટેકનોલોજીનો ઉપયોગ ઊંચાઈવાળા વિસ્તારોમાં કરવામાં આવશે. અમે આપણા સૈનિકોની મદદ કરવા માટે તત્પર છે. આપણા સંબંધો ચીન સાથે સુધરી રહ્યા છે, જોકે ઘર્ષણ પહેલા જે સંબંધો હતા, તેવા સંબંધો હાલ સંપૂર્ણ સુધર્યા નથી. આગામી સમયમાં અમે ચીન સાથે ચર્ચા કરીશું કે, હવે વિવાદ ન થવો જોઈએ.' 'તેમણે ભાષણમાં કહ્યું કે, 'વર્ષ ૧૯૯૧માં બંને દેશો એલએસપી પર શાંતિ જાળવવા માટે સંમત થયા હતા. ૧૯૯૩માં એલએસી પર શાંતિને બહાલી આપવા માટે સહમતી યથાવત્ રાખી હતી. બંને દેશો સ્થિતિ સુધારવા માટે પ્રતિબદ્ધ છે. બંને દેશો વચ્ચે જ્યારે પણ બેઠક કરવામાં આવી છે, ત્યારે તે સમજૂતીને યાદ કરવામાં આવી છે. ભારત તરફથી એવું પણ કહેવામાં આવ્યું છે કે, હવે આગામી સમયમાં આવી ઘટનાઓ ન બનવી જોઈએ.' તેમણે એમ પણ કહ્યું કે, 'તાજેતરના અનુભવો થયા બાદ અમે સરહદ પર વધુ કડક કાર્યવાહી કરી છે. બંને પક્ષો સરહદ પર કડકાઈથી સુરક્ષાનું પાલન કરી રહ્યા છે. સરહદ પર અગાઉ જેવી ઘટનાઓ બનતી હતી, તેવી ઘટનાઓ હવેના સમયમાં ન બની, તે માટે સમજૂતીનું પાલન કરવું જરૂરી છે. સરકારે કહ્યું છે કે, જ્યાં સુધી સરહદ પર સ્થિતિ સામાન્ય ન થાય, ત્યાં સુધી ભારત-ચીન વચ્ચેના સંબંધો હજુ સામાન્ય ન થઈ શકે. અમે સ્પષ્ટ કહી રહ્યા છીએ કે, શાંતિ અને સમજુતી વગર જ સંબંધો સારા બમવાની ગેરેંટી છે. ચીનના વિદેશ મંત્રી અને સંરક્ષણ મંત્રીએ પણ ચીનના સમકક્ષો સાથે વાત કરી છે.

## તંત્રીની કલમે.................

# ભૂતાન તરફ ડ્રેગન

ભારતના સર્વ પડોશી દેશોમાં એકમાત્ર ભૂતાન એવો દેશ છે, જે જગજાહેર રીતે ભારતના ખોળે બેઠેલો છે. સંપૂર્ણ રીતે સ્વતંત્ર દેશ હોવા છતાં ભૂતાનમાં એવી રાજકીય સંસ્કૃતિ અને પરંપરા વિકસેલી છે કે તે ભારતને પોતાના ગોડફાધર કે ભીષ્મ પિતામહ માને છે અને આજ સુધી ભારતની આજ્ઞામાં રહે છે. ચીને જ્યારે દુનિયાના ઘણા બધા દેશોમાંથી પસાર થતાં સિલ્ક રોડની યોજનાને બહાને પોતાની મહત્ત્વાકાંક્ષાનો એક અજગર પૃથ્વી પર વહેતો કર્યો, ત્યારે માત્ર ભારતના કહેવાથી જ ભૂતાને એ રસ્તાને પોતાના દેશમાંથી પસાર થવા દેવા અંગે ઈન્કાર કર્યો હતો. ભૂતાનની પ્રજા પણ ચીનને સખત ધિક્કારે છે. જોકે આવી સ્થિતિ અગાઉ નેપાળમાં પણ હતી, પરંતુ ચીનાઓએ લાલચો આપીને નેપાળી નેતાઓને પોતાની જાળમાં ફસાવી લીધા અને એ જ નેતાઓની મદદથી નેપાળી પ્રજા પર દમન શરૂ કર્યું. એવું ભૂતાનમાં પણ થઈ શકે છે. જૂન ૨૦૨૦થી ચીને તેનો પ્રોજેક્ટ કેપ્ચર ભૂતાન શરૂ કરેલો છે. ભૂતાનમાં સકતેંગ નામનો પ્રદેશ આવેલો છે. આમ તો સકતેંગ વન્ય પશુઓ માટેનું વિશ્વખ્યાત અભયારણ્ય છે. હિમાલયન દેશ હોવાને કારણે સહજ રીતે જ પ્રકૃતિ અહીં સોળે કળાએ ખીલેલી છે. માત્ર લાલ અને ગુલાબી રંગના ફૂલોના જ અહીં હજારો પ્રકારના છોડ છે. કોઈ ચિત્રકારે કદી કલ્પના પણ ન કરી હોય એવા એક જ રંગના અસંખ્ય વૈવિધ્ય અહીંનાં લાલ-ગુલાબી ફૂલો આપે છે, પરંતુ ચીન હવે આ સમગ્ર પ્રદેશને પોતાના દુરાચારી અને સામ્યવાદી લાલ રંગથી રંગી નાંખવા ચાહે છે. ચીન અને ભૂતાન વચ્ચેનો આ નવો રંગભેદ આવનારા દિવસોમાં ભારત અને ચીન વચ્ચેના વધુ એક સંઘર્ષનું કારણ બનશે. ભારત સરકાર ક્યારે આ અંગે ભૂતાન સરકાર સાથે વાત કરશે અને ભૂતાનને ચીનની જાળમાં ફસાતા બચાવી લેશે એ અત્યારે તો અનિશ્ચિત છે, કારણ કે હજુ ભારત સરકારે ચીનની ભૂતાન પરત્વેની હલચલને ગંભીરતાથી લીધી નથી. ભૂતાનના સકતેંગ વિસ્તારને ચીને પોતાના નકશામાં બતાવવાની શરૂઆત કરી છે. ઉપરાંત ભૂતાન સરકાર સમક્ષ ચીનના વિદેશ સચિવે રૂબરૂ જઈને એક નવા વિકાસ પ્રોજેક્ટની દરખાસ્ત પણ કરી છે, જેમાં સમગ્ર ભૂતાન દેશને આધુનિકરણના નવા સ્વરૂપ સુધી લઈ જવાની વિસ્તારપૂર્વકની લાલચ આપવામાં આવી છે. ભૂતાન આવી કોઈ દરખાસ્ત સ્વીકારે એવી શક્યતા અત્યારે તો નહિવત્ છે, પરંતુ ચીને એ માટેની બૌદ્ધિક અને લશ્કરી કવાયતની તૈયારી રાખી છે. ચીન પહેલા માત્ર સકતેંગ વિસ્તારને હડપ કરી જવા ચાહે છે. ભૂમિમાર્ગે સકતેંગ જવું હોય તો ત્યાં પહોંચવાનો રસ્તો અરુણાચલ પ્રદેશમાંથી જ પસાર થાય છે. સકતેંગ મળી જાય તો અરુણાચલ પરનો તેનો દાવો ભૌગોલિક રીતે વધુ મજબૂત બને એમ તે માને છે. પાકિસ્તાન, તિબેટ, નેપાળ અને મ્યાનમાર જેવા દેશો તો પહેલેથી જ ચીનના હાથનું રમકડું બની ગયેલા છે. એ જ મોડેસ ઓપરેન્ડીથી ચીન હવે ભૂતાનને પોતાના હાથમાં લેવા ચાહે છે. આશ્ચર્યજનક રીતે ભારત સરકારે આ પ્રકરણમાં આજ સુધી તો નિષ્ક્રિયતા દાખવી છે. બીજી રીતે એમ પણ કહી શકાય કે ભારત સરકાર ઊંઘે છે અને ચીન વધુ એક ભારતમિત્રને આંચકીને પોતાના તરફ ખેંચી જવામાં વ્યસ્ત છે. ચીને જે સકતેંગ પ્રદેશ પર દાવો કર્યો છે તે એક રમણીય પહાડી વિસ્તાર છે અને ભારત પર હુમલો કરવા માટેની અત્યંત વ્યૂહાત્મક જગ્યા બની શકે એમ છે. ચીન ગમે ત્યારે કોઈક બહાના કે મોકાનો લાભ લઈને ભૂતાનમાં પોતાનો કાયમી પડાવ જમાવવાની મલિન મુરાદ રાખી.

# 'પુષ્પા ૨' થિયેટરમાં આવે તે પહેલા મુશ્કેલીમાં ફસાયો અલ્લુ અર્જુન

એજન્સી દ્વારા

મુંબઈ

અલ્લુ અર્જુનની 'પુષ્પા ૨' આ વર્ષની સૌથી ચર્ચિત અને મોસ્ટ અવેટેડ ફિલ્મો પૈકીની એક છે. દર્શકોની વચ્ચે આ ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. 'પુષ્પા ૨: ધ રુલ' ૫ ડિસેમ્બરે રિલીઝ થશે, જેમાં અલ્લુ અર્જુનની સાથે રશ્મિકા મંદાના લીડ રોલમાં નજર આવશે. આ દરમિયાન અલ્લુ અર્જુન એક બીજા કારણે ચર્ચામાં આવી ગયો છે. એક્ટર સામે હૈદરાબાદના જવાબર નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને આવું માત્ર એક શબ્દના કારણે થયું છે. અલ્લુ અર્જુન તાજેતરમાં જ મુંબઈમાં એક પ્રમોશનલ ઈવેન્ટમાં સામેલ થયો હતો જ્યાં તેણે પોતાના ફેન બેઝને 'આર્મી' કહીને સંબોધિત કર્યો હતો. આ શબ્દના કારણે શ્રીનિવાસ ગૌડ નામના એક વ્યક્તિએ એક્ટર સામે ફરિયાદ



નોંધાવી છે.

શ્રીનિવાસ ગૌડે અલ્લુ અર્જુન દ્વારા પોતાના ફેન બેઝ માટે આર્મી શબ્દના ઉપયોગને લઈને વાંધો વ્યક્ત કર્યો છે.ગ્રીન પીસ એનવાયરમેન્ટ એન્ડ વોટર હાર્વેસ્ટિંગ ઓપરેશનના અધ્યક્ષ શ્રીનિવાસ ગૌડે એક વીડિયો જારી કર્યો છે, જેમાં તેણે કહ્યું 'અમે ટોલિવૂડ સ્ટાર અલ્લુ અર્જુન સામે ફરિયાદ નોંધાવી છે. અમારી તેમને વિનંતી છે કે તે પોતાના ફેન બેઝ માટે આર્મી જેવા શબ્દનો ઉપયોગ ના કરે કેમ કે આ એક ખૂબ સન્માનજનક શબ્દ છે. આ તેમના માટે ઉપયોગ થાય છે, જે આ દેશની રક્ષા કરે છે. તેથી તમે પોતાના ફેન્સ માટે આ શબ્દનો ઉપયોગ ન કરી શકો. તેના બદલે તમે બીજા શબ્દોનો ઉપયોગ કરી શકો છો.'અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના અત્યારે 'પુષ્પા ૨'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. ફિલ્મમાં અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના સિવાય ફહાદ ફાસિલ અને પ્રકાશ રાજ જેવા કલાકાર પણ મહત્ત્વના રોલમાં છે.

# અનન્યાને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળતા જ બોયફ્રેન્ડ ખુશીથી પાગલ

એજન્સી દ્વારા

મુંબઈ

અનન્યા પાંડે તેની ફિલ્મોની સાથે સાથે તેના અંગત જીવનને કારણે ઘણી વાર ચર્ચામાં રહે છે. રવિવારે, અનન્યા પાંડેને નેટફ્લિક્સ ફિલ્મ 'ખો ગયે હમ કહાં' માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો, ત્યારબાદ તેના રૂમર્ડ બોયફ્રેન્ડ વોકર બ્લેન્કોએ એક પોસ્ટ શેર કરી હતી અને અભિનેત્રી પર ઘણો પ્રેમ વરસાવ્યો હતો. તેની આ પોસ્ટે સોશિયલ મીડિયા યુઝરનું



ઘણું ધ્યાન ખેંચ્યું છે.આદિત્ય રોય કપૂર સાથેના બ્રેકઅપ પછી અનન્યા પાંડેના સંબંધ વિશે ચાહકો ખૂબ જ ઉત્સુક છે. ઘણા સમયથી તે જાણવા માટે ઉત્સુક છે કે અનન્યા પાંડે આ દિવસોમાં કોને ડેટ કરી રહી છે. અભિનેત્રીનું નામ મોડલ વોકર બ્લેન્કો સાથે લાંબા સમયથી જોડાઈ રહ્યું હતું. તેણે અભિનેત્રીના જન્મદિવસ પર પ્રેમ ભરેલી પોસ્ટ શેર કરીને તેમના સંબંધોની લગભગ પુષ્ટિ કરી દીધી હતી. હવે ગયા રવિવારે રાત્રે અનન્યા પાંડેએ ફિલ્મફેર એવોર્ડ જીત્યો હતો, જે પછી તેના રૂમર્ડ બોયફ્રેન્ડે ફરી એકવાર તેના પર ખુલ્લેઆમ પ્રેમ વરસાવ્યો છે.અનન્યા પાંડેને ફિલ્મફેર એવોર્ડ્સમાં બેસ્ટ એક્ટર ફીમેલ ક્રિટીક્સ ચોઈસ એવોર્ડ મળ્યો હતો. તેને આ એવોર્ડ ફિલ્મ 'ખો ગયે હમ કહાં' માટે મળ્યો હતો. અનન્યાને આ એવોર્ડ મળ્યા બાદ તેના ચાહકો અને મિત્રોની ખુશીની કોઈ સીમા ન રહી. સુહાના ખાન, નવ્યા નવેલી નંદા સહિત અનન્યા પાંડેના ઘણા મિત્રોએ તેના માટે પોસ્ટ શેર કરીને તેને અભિનંદન પાઠવ્યા હતા.અનન્યાની જીતથી બોયફ્રેન્ડ ખુશ છેઅભિનેત્રીના રૂમર્ડ બોયફ્રેન્ડ વોકર બ્લેન્કોની પોસ્ટે સૌથી વધુ ધ્યાન આકર્ષિત કર્યું છે. વિદેશી મોડલે અભિનેત્રીનો ફિલ્મફેર સાથેનો ફોટો શેર કર્યો હતો. અનન્યા પાંડેએ પણ સ્ટોરીમાં તેની આ પોસ્ટને ફરીથી શેર કરી છે. વિદેશી મોડેલ રૂમર્ડ બોયફ્રેન્ડની પોસ્ટને ફરીથી શેર કરતી વખતે, તેણીએ લખ્યું, 'વોકી'. ત્યારપછી ફરી એકવાર તેમના સંબંધોને લઈને સોશિયલ મીડિયા પર ઘણી અટકળો લગાવવામાં આવી રહી છે.'ખો ગયે હમ કહાં' ફેમ અનન્યા પાંડેની વાત કરીએ તો તેનો રૂમર્ડ બોયફ્રેન્ડ વોકર બ્લેન્કો એક મોડલ છે. વોકર બ્લેન્કો શિકાગોનો ભૂતપૂર્વ મોડલ છે. તેણે વેસ્ટમિન્સ્ટર ક્રિશ્ચિયન સ્કૂલમાં અભ્યાસ કર્યો છે. આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે વોકર આ દિવસોમાં વંટારામાં કામ કરે છે. તેના સોશિયલ મીડિયા હેન્ડલને જોઈને અનુમાન લગાવી શકાય છે કે તે એનિમલ લવર છે.

# વડોદરામાં પેટ્રોલ પંપ પર આવેલી ટેન્કરમાંથી જથ્થો ઓછો નીકળતાં તોલ માપ વિભાગને ફરિયાદ

પ્રતિનિધિ દ્વારા

વડોદરા

વડોદરા જિલ્લાના સાવલી-ટીંબા રોડ પર આવેલા ભાદરવા ગામ નજીક આવેલા નાયરા પેટ્રોલ પંપ પર જામનગર થી આવેલા પેટ્રોલ-ડીઝલ ભરેલા ટેન્કરોના સીલ સાથે છેડછાડ થઈ હોવાની આશંકાએ પેટ્રોલ પંપના ફરજ પરના અધિકારીએ સરકારી વિજ્ઞાન તોલમાં શાખાને કરેલી ફરિયાદ મુજબ તપાસ શરૂ કરાઈ છે. પેટ્રોલ પંપ ના ફરજ પરના અધિકારીએ જણાવ્યું હતું કે, અવારનવાર પેટ્રોલ ડીઝલનો જથ્થો ઓછો મળે છે પરંતુ આજે આ બાબતે તપાસ કરતા ભાંડો ફૂટ્યો હતો. ઉલ્લેખનીય છે કે જામનગર રિફાઈનરીમાંથી પેટ્રોલ-ડીઝલનો જથ્થો ટેન્કરો દ્વારા રાજ્યના વિવિધ વિસ્તારમાં પેટ્રોલ પંપ ખાતે સપ્લાય કરવામાં આવે છે. તેવી જ રીતે ટેન્કરોમાં ભરાયેલો પેટ્રોલ ડીઝલનો જથ્થો વડોદરા નજીક સાવલી ટીંબા રોડ પર ભાદરવા ગામ પાસે આવેલા નાયરા પેટ્રોલ પંપ ખાતે પેટ્રોલ ડીઝલનો જથ્થો ખાલી કરવા ટેન્કરોને લઈ ડ્રાઈવરો આવ્યા હતા. આ પેટ્રોલ પંપ પર અગાઉ કેટલી વાર પેટ્રોલ-ડીઝલનો જથ્થો ઓછો આવ્યો હોવાની ફરિયાદ પેટ્રોલ પંપના અધિકારીએ જણાવ્યું હતું. જોકે હાલમાં આવેલા પેટ્રોલ-ડીઝલના ટેન્કરમાં માલ ઓછો હોવા.

# શુક્રવારે CM ભૂપેન્દ્ર પટેલ દાંતીવાડાથી રાજ્યવ્યાપી રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૪નો પ્રારંભ કરાવશે

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર

ગુજરાતના ખેડૂતોને પ્રવર્તમાન સમયને અનુરૂપ કૃષિ પદ્ધતિઓ, ટેકનોલોજી અને નવતર અભિગમોથી પરિચિત કરાવવાના શુભ આશય સાથે રાજ્ય સરકાર દ્વારા આગામી તા. ૬ અને ૭ ડિસેમ્બરના રોજ ''રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪''નું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી રાઘવજી પટેલ બનાસકાંઠા જિલ્લાની દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતેથી ''રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪''નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, આગામી તા. ૬ અને ૭ ડિસેમ્બર દરમિયાન રાજ્યભરના ૨૪૬ તાલુકા મથકોએ તાલુકા સ્તરનો રવિ કૃષિ મહોત્સવ યોજાશે. તાલુકા મથકના કાર્યક્રમોનો ગુજરાત સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો સહિતના વિવિધ પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ શુભારંભ કરાવશે. આ રવિ કૃષિ મહોત્સવમાં ગુજરાતના ૨.૫ લાખથી વધુ ખેડૂતો ભાગ લેશે.

તેમણે જણાવ્યું કે, કૃષિ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો ખેડૂતો સાથે સીધો વાર્તાલાપ કરી શકે, તેમની સમસ્યાનું નિવારણ લાવી શકે, યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી શકે, નવી ખેત પદ્ધતિઓથી અવગત કરી શકે તેમજ ખેડૂતોની સમસ્યાઓને આધારે સંશોધનો કરી શકે તેવા શુભ આશય સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૫માં કૃષિ મહોત્સવની નવી પરંપરા શરુ કરી હતી. કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે શરુ થયેલી આ પરંપરાને સુપેરે આગળ ધપાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા ''રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪''નું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ અંગે વિસ્તૃત સમજ આપતા કૃષિ મંત્રીએ કહ્યું કે, આ બે દિવસીય મહોત્સવમાં વિવિધ ટેક્નીકલ માર્ગદર્શન સેમીનાર, પ્રાકૃતિક ખેતીનું નિદર્શન, આધુનિક કૃષિ ટેકનોલોજીનું નિદર્શન-પ્રદર્શન, પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મની મુલાકાત અને પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાથો-સાથ રાજ્યના પ્રગતિશીલ ખેડૂતોને સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર તથા આત્મા બેસ્ટ ફાર્મરના એવોર્ડ પણ આ કાર્યક્રમ દરમિયાન એનાયત કરવામાં આવશે.

આ ઉપરાંત કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા પ્રાકૃતિક અને સસ્ટેનેબલ ફાર્મિંગ, ખેતી અને બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન, બાગાયતી પાકો સાથે મિક્સ ફાર્મિંગ, પ્રાકૃતિક ખેતી, પ્રીસીઝન ફાર્મિંગ, કૃષિ અને બાગાયતી પાકોમાં આધુનિક તાંત્રિકતા વિશે માર્ગદર્શન, મિલેટ પાકોમાં મૂલ્યવર્ધન, સફળ પશુપાલન જેવા વિવિધ વિષયો ઉપર ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ, ખેડૂતોને સબંધિત વિસ્તારમાં થતા પાકો અંગે માર્ગદર્શન તથા તેમના પ્રશ્નોનું નિરાકરણ આપવાનું પણ રાજ્ય સરકારે આયોજન કર્યું છે. આ બે દિવસીય મહોત્સવમાં ગુજરાતને કૃષિ ક્ષેત્રે નંબર-૧ બનાવવા માટે ચિંતન અને વિવિધ પ્રયાસો કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

# મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને જ્યુપિટર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા

એજન્સી દ્વારા

મુંબઈ

મહારાષ્ટ્રમાં નવી સરકાર બનાવવાની હિલચાલ તેજ થઈ ગઈ છે, પરંતુ મહાયુતિના નેતા અને રખેવાળ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે બીમાર છે. તેની હાલત હજુ પણ સારી નથી. તેથી, તેનો ડેન્ગ્યુ અને મેલેરિયા માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ટેસ્ટનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. સતત તાવ આવે તો એન્ટિબાયોટિક્સ આપવામાં આવી છે.

ડોક્ટરે જણાવ્યું કે આ કારણે તે ઘણી હદ સુધી નબળી પડી ગઈ છે. હવે તેને જ્યુપિટર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે. જ્યુપીટર હોસ્પિટલના ડોકટરોની ટીમ તેની તપાસ કરશે. અહીં સીએમ એકનાથ શિંદે સાથે તેમના પુત્ર શ્રીકાંત શિંદે પણ હાજર છે. સતત તાવ અને ગળામાં ઈન્ફેક્શનના કારણે મુખ્યમંત્રી પરેશાન છે.

મુખ્યમંત્રી એકનાથ શિંદે મહાગઠબંધનની બેઠક માટે દિલ્હી ગયા હતા. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથેની આ બેઠકમાં એકનાથ શિંદે, દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર હાજર હતા. આ બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા હાજર રહ્યા હતા. આ મીટિંગ પછી એકનાથ શિંદે મુંબઈ પરત ન ફર્યા અને સીધા સતારામાં તેમના ગામ ગયા હતા. જેના કારણે એકનાથ શિંદે નારાજ હોવાની ચર્ચા શરૂ થઈ હતી. શિવસેનાના નેતાઓએ દરેગાંવમાં તેમની બીમારીની જાણકારી આપી હતી. આ પછી એકનાથ શિંદેએ મીડિયા સાથે વાત કરી હતી. તેમજ એકનાથ શિંદેની સારવાર કરી રહેલા ડોક્ટરે તેમની સ્થિતિ વિશે માહિતી આપી હતી. એકનાથ શિંદે બે દિવસમાં દારેગાંવથી થાણેમાં તેમના નિવાસસ્થાને પાછા ફર્યા હતા. આ પછી પણ તેની સ્થિતિમાં સંપૂર્ણ સુધારો થયો નથી. હવે સ્પેશિયલ ડોકટરોની ટીમ તેમની જ્યુપિટર હોસ્પિટલમાં સારવાર કરી રહી છે. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે. અગાઉ તેમનો ડેન્ગ્યુ માટે ટેસ્ટ કરવામાં આવ્યો હતો. રિપોર્ટ નેગેટિવ આવ્યો, પણ ડોક્ટરે કહ્યું કે તે કમજોર છે. આ કારણે તેને ફરીથી આરામ કરવાની સલાહ આપવામાં આવી હતી. નાદુરસ્ત તબિયતના કારણે એકનાથ શિંદે આજે કોઈ બેઠકમાં ભાગ લેશે નહીં. આજે મહાયુતિના નેતાઓની બેઠક યોજાવાની છે. તે પહેલા પણ એકનાથ શિંદેની તબિયત લથડી હતી. શિંદે જૂથના ઘણા ધારાસભ્યો તેમના નેતાને જોવા માટે થાણે આવી રહ્યા છે. કરજતના ધારાસભ્ય મહેન્દ્ર થોરવે થાણેમાં એકનાથ શિંદેના ઘરે પહોંચ્યા હતા. શિવસેનાના નેતા ભરત ગોગવાલે પણ એકનાથ શિંદેને મળવા પહોંચ્યા હતા. આ પ્રસંગે ભરત ગોગવાલે સાંસદ શ્રીકાંત શિંદેને મળ્યા હતા. બીજી તરફ ગુલાબરાવ પાટીલ અને સંજય શિરસાટે ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળે સાથે મુલાકાત કરી છે.

# વસતિ વધારા અંગે મોહન ભાગવતના નિવેદનથી રાજકીય પક્ષોમાં ચર્ચા છેડાઇ

એજન્સી દ્વારા

નવી દિલ્હી

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના વડા મોહન ભાગવતે રવિવારે ભારતના ઘટી રહેલા પ્રજનન દર અને તેના કારણે ઘટી રહેલી વસ્તીની સંખ્યાને ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેના એક દિવસ પછી સોમવારે ભાજપે સોમવારે ભાગવતની ટિપ્પણીનું સ્વાગત કર્યું છે. જ્યારે વિપક્ષોએ સવાલ કર્યો છે કે, ''વધી રહેલી વસ્તીની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે સંસાધનો ક્યાંથી આવશે. ખાદ્ય સામગ્રીની કિંમતો ઉચ્ચસ્તર પર છે, અને સરકાર લોકો માટે રોજગારીની તકો પેદા કરવામાં નિષ્ફળ રહી છે.'' રવિવારે નાગપુરમાં એક કાર્યક્રમમાં મોહન ભાગવતે પરિવારોની મહત્વપૂર્ણ ભૂમિકા પર વાત કરીને ચેતવણી આપી કે ''પોપ્યુલેશન સાયન્સ અનુસાર જો કોઈ પણ સમાજનો કુલ પ્રજનન દર ૨.૧ ટકાથી નીચે આવે છે, તો એ સમાજ લુપ્ત થઈ જાય છે. એટલા માટે જ્યારે અમે ૨.૧ કહીએ છીએ, તો તેનો અર્થ છે કે આ દર વધુ હોવો જોઈએ, ઓછામાં ઓછો ત્રણ બાળકો. પોપ્યુલેશન સાયન્સ પણ આજ કહે છે.'' મોહન ભાગવતની ટિપ્પણી અંગેના પ્રશ્નના જવાબમાં ભાજપના સાંસદ નેતા મનોજ તિવારીએ કહ્યું કે, ''મોહન ભાગવતજીએ કંઇ પણ કહ્યું છે તો એ નિશ્ચિત પણે રાષ્ટ્રીય હિતમાં હશે. એટલા માટે તેમના વાત વિશે હકારાત્મક વિશ્લેષણ કરવું જોઈએ.'' જ્યારે મેરઠના ભાજપના સાંસદ અરુણ ગોવિલે એમ કહ્યું કે, ''ભાગવત - એક પરિવક્વ વ્યક્તિ છે, જો ભાગવતજીએ નિવેદન આપ્યું છે તો એ દેશના હિતમાં છે અને એ યોગ્ય જ હશે.''વિપક્ષના સાંસદોમાંથી કટિહારના કોંગ્રેસના સાંસદ તારિક અનવરે પ્રશ્ન ઉઠાવીને કહ્યું કે, 'ભાગવતની ટિપ્પણી વસ્તીના મુદ્દા પર ભાજપના નેતાઓની વાતથી વિપરિત છે. ભાગવત જે કહી રહ્યા છે એ વિરોધાભાસી છે, કારણ કે ભાજપના નેતાઓ એમ કહી રહ્યા છે કે વસ્તીનું નિયંત્રણ થવું જોઈએ.''આઝાદ સમાજ પાર્ટી(કાંશીરામ)ના સાંસદ ચંદ્રશેખરે કહ્યું કે, ''વધી રહેલી વસ્તીના આધાર આપવા માટે વધારાના સંસાધનો ક્યાંથી આવશે. આવા નિવેદન રાજકીય એજન્ડા અંતર્ગત આવે છે અને લોકોએ તેની કિંમત ચૂકવવી પડે છે.''કોંગ્રેસના સાંસદ રેણુકા ચૌધરીએ જણાવ્યું કે, ''હું મોહન ભાગવતજીનું સન્માન કરું છું, પરંતુ તેમને બાળકોના પાલન-પોષણનો શું અનુભવ છે? લોકોને વધારે બાળકોની જરુરિયાત શું છે?''

# ઓસ્ટ્રેલિયાના વિઝાની લાલચે યુવાને રૂ.૨૧.૭૦ લાખ ગુમાવ્યા

પ્રતિનિધિ દ્વારા

સુરત

સુરતમાં રહેતા યુવકને ઓસ્ટ્રેલીયાના વિઝીટર વિઝા અને ત્યારબાદ વર્ક પરમીટ વિઝા આપવાનું કહીને બન્ટી-બબલી સહિત ત્રણ લોકોએ રૂપિયા ૨૧.૭૦ લાખ પડાવી લીધા હતા. જો કે ઓનલાઈન ચેક કરતા વિઝા બનાવટી હોવાનું સામે આવ્યું હતું. એટલું જ નહી રૂપિયા પરત માંગતા જેલમાં પુરાવી દેવાની ધમકી આપીને ઓફિસે તાળાં મારીને આરોપીઓ નાસી ગયા હતા. આ બનાવ અંગે ઈસનપુર પોલીસે દંપતિ સહિત લોકો સામે ફરિયાદ નોધી છે, ચોંકાવનારી બાબત એ છે કે બન્ટી-બબલી સામે વિદેશ મોકલવાના બહાને રૂપિયા પડાવવાની આ ત્રીજી ફરિયાદ નોંધાઇ છે. જેમાં વર્ષ પછી રૂપિયા પરત માંગતા જેલમાં પુરાવાની દેવાની ધમકી આપી ઓફિસે તાળાં મારી આરોપીઓ ભાગી ગયા છે. મૂળ મહેસાણાના અને હાલ સુરતમાં રહેતા અને કચ્છમાં ખાનગી કંપનીમાં નોકરી કરતા યુવકે ઇસનપુર પોલીસ સ્ટેશનમાં નારોલમાં ઓફિસ ધરાવતા દંપતિ સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે કે જેમાં તેઓ સુરતમાં નોકરી કરતા ત્યારે પરિચીત વ્યક્તિને ઓસ્ટ્રેલિયા વર્ક પરમીટ પર જવાની વાત કરી હતી. જેથી મિત્રએ જીગ્નેશ રાઠોડ સાથે સંપર્ક કરાવ્યો હતો. જેમાં રૂપિયા ૧૫.૭૦ લાખમાં વિઝા, ટિકીટ સહિતનો ખર્ચ થશે તેમ જણાવતા ફરિયાદી યુવકે હા પાડી હતી અને નારોલ ઓફિસે આવીને જરુરી ડોક્યુમેન્ટઆપ્યા હતા. તે સમયે ત્રણેયે આરોપીઓએ ઓસ્ટ્રેલિયા પ્રથમ વિઝીટર વિઝા અને ત્યાર પછી વર્ક પરમીટ વિઝા અપાવવાની વાત કરી હતી.

# ફોન પર '૧' દબાવીને ૧ લાખ રૂપિયા ગુમાવ્યા, આ રીતે બહાર આવ્યું કૌભાંડ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ

શું તમને ક્યારેય એવો કૉલ આવ્યો છે કે તમારું કુરિયર ડિલિવર થયું નથી? આપણામાંના મોટાભાગના લોકો વિચારશે કે તે માત્ર એક રુટિન અપડેટ છે અને વિચાર્યા વિના સૂચનાઓને ફૉલો કરશે. કમનસીબે, આ રીતે **Ahmedabad**ના એક ૨૯ વર્ષીય સૉફ્ટવેર ડેવલપર એક કૌભાંડનો ભોગ બન્યા, આ પ્રક્રિયામાં રૂ. ૧ લાખ ગુમાવ્યા. ઘાટલોડિયામાં રહેતા અને સિંધુ ભવન રોડ પર ખાનગી પેઢીમાં કામ કરતા યુવાન પ્રોફેશનલને છેતરાયા હોવાનો અહેસાસ થતાં સોલા પોલીસ સાથે તેને આપવીતી શેર કરી હતી. આ બધું ત્યારે શરૂ થયું જ્યારે તેને એક ઓટોમેટેડ કોલ આવ્યો, જેમાં તેને અનડિલિવર્ડ કુરિયર વિશે જાણ કરવામાં આવી. **IVR** સિસ્ટમ પર વિશ્વાસ રાખીને, તેણે સૂચના મુજબ '૧' દબાવ્યું, એવા વ્યક્તિ સાથે કનેક્ટ થયો જેણે એવો દાવો કર્યો કે તેણી પાસે ચેન્નાઈથી મુંબઈ મોકલવામાં આવેલા પાર્સલની ડિટેલ છે. સ્કેમરે સચોટ આધાર વિગતો પણ આપી હતી, ફરિયાદીને કોલ અસલી હોવાનું માની લીધું અને ફસાઈ ગયો. ત્યાંથી, મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાંથી સુનીલ દત્ત તરીકે ઓળખાતા કોઈને કોલ ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. આ નકલી અધિકારીએ તેને જાણ કરી કે પાર્સલમાં છે બેંક કાર્ડ છે અને તેણે દાવો કર્યો કે તે કથિત નાણાકીય ગુનાઓ માટે હવે ડિજિટલ ધરપકડ હેઠળ છે. જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કથિત રીતે જારી કરાયેલ નકલી ધરપકડ વોરંટ બતાવવામાં આવ્યું ત્યારે પીડિત વધુ ડરી ગયો હતો. દબાણ હેઠળ, તેને અન્ય સ્કેમર પાસે નિર્દેશિત કરવામાં આવ્યો હતો જે ખલીમ અંસારી નામના એડવોકેટ હોવાનો ઢોંગ કરે છે. તેમની સૂચનાઓને અનુસરીને, સૉફ્ટવેર ડેવલપરે રૂ. ૧ લાખ, તેમની આખી બચત, તેઓએ આપેલા બેંક ખાતામાં ટ્રાન્સફર કરી. એકવાર પૈસા ટ્રાન્સફર થઈ ગયા પછી, બંને માણસો ગાયબ થઈ ગયા, જેના કારણે તે તેમનો સંપર્ક કરી શક્યા નહીં. કૉલર પર ક્યારેય વિશ્વાસ ન કરો કારણ કે તેમની પાસે તમારી કેટલીક અંગત વિગતો છે. સત્તાવાર ચેનલો દ્વારા તેમના દાવાઓને ક્રોસ-ચેક કરો. જ્યાં સુધી તમે કૉલની અપેક્ષા ન રાખતા હો, ત્યાં સુધી કોઈ સૂચનાઓનું પાલન કરશો નહીં. સ્કેમર્સ વારંવાર તમને ઝડપી નિર્ણયો લેવા દબાણ કરવા માટે ઈમરજન્સીની ભાવના પેદા કરે છે. વિચારવા માટે તમારો સમય લો. તરત જ ઓથોરિટીનો સંપર્ક કરોઃ જો કંઈક ખોટુ જણાય, તો વિલંબ કર્યા વિના તમારી સ્થાનિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર કૉલ કરો.

# ચિરાગ રાજપૂતની દારૂ કેસમાં ધરપકડ, કોર્ટે બે દિવસના રિમાન્ડ પર સોંપ્યો

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ

ખ્યાતિકાંડમાં સંડોવાયેલા હોસ્પિટલના સીઈઓ ચિરાગ રાજપૂતની ક્રાઈમ બ્રાન્ચે ટ્રાન્સફર વોરંટના આધારે દારૂના કેસમાં ધરપકડ કરી હતી. ત્યારબાદ તેને કોર્ટમાં રજૂ કરતા આરોપીને મેટ્રો કોર્ટે બે દિવસના રિમાન્ડ પર સોંપ્યો છે. ચિરાગ રાજપૂતને દારૂનો જથ્થો આપનારની શોધખોળ ક્રાઈમ બ્રાન્ચે શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચિરાગ રાજપૂતના ઘરેથી પોલીસે દારૂનો આખો બાર મળી આવ્યો હતો.ખ્યાતિ હૉસ્પિટલના સીઈઓ ચિરાગ રાજપૂતના ઘરે પોલીસ તપાસ દરમિયાન ૫૪ દારૂની બોટલ મળી આવી હતી. આ મામલે ક્રાઈમ બ્રાન્ચે પ્રોહિબિશન એક્ટ મુજબ અલગ ગુનો ચિરાગ રાજપૂત સામે નોંધ્યો હતો. ખ્યાતિ હૉસ્પિટલકાંડમાં ચિરાગ રાજપૂતને કોર્ટમાં જેલમાં મોકલી આપ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે ટ્રાન્સફર વોરંટના આધારે પ્રોહિબિશન કેસમાં ધરપકડ કરી હતી. ધરપકડ બાદ આરોપીને મેટ્રો કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવ્યો હતો. સરકારી વકીલ વાય.કે. વ્યાસે રિમાન્ડ અરજી અંગે રજૂઆત કરતા જણાવ્યું હતું કે, આરોપીના ઘરે તપાસ દરમિયાન ઉચ્ચ ક્વોલિટીની જુદી જુદી દારૂની ૫૪ બોટલ મળી આવી છે તે દારૂની બોટલ આરોપી ક્યાંથી અને કોની પાસેથી લાવ્યો?, વિદેશી દારૂનો જથ્થો લાવવામાં કયા વાહનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો?, આરોપી પાસેથી મોટી માત્રામાં દારૂનો જથ્થો મળ્યો છે તો આ સિવાય બીજો કોઈ દારૂનો જથ્થો આરોપીએ છુપાવી રાખ્યો છે કે નહીં?, આરોપી પાસેથી મળેલી ૫૪ બોટલ પૈકી એક બોટલ વિદેશથી લાવવામાં આવી છે તો આ બોટલ કોણે આરોપીને આપી?, આરોપી દારૂના જથ્થામાંથી કોને કોને આપવાનો હતો, આરોપી પાસેથી જે દારૂનો જથ્થો મળ્યો તેના પૈસા તેને ઓનલાઈન ચૂકવ્યા છે કે નહીં, આરોપીની કોલ ડિટેઈલ મેળવી દારૂના જથ્થા અંગે તપાસ કરવાની છે, આરોપી સાથે બીજુ કોણ કોણ સંડોવાયેલું છે સહિતના મુદ્દે તપાસ કરવા આરોપીના ૧૦ દિવસના રિમાન્ડની જરૂર છે. આરોપી તરફે એવી રજૂઆત કરવામાં આવી હતી કે, જે જાણતા હતા તે તમામ વિગત પોલીસને જણાવી દીધી છે, ૨૪ કલાકથી વધુ કસ્ટડીમાં છીએ, પોલીસ જે મુદ્દે તપાસ કરવા રિમાન્ડ માગી રહી છે તે મુદ્દે પોલીસ આરોપીની હાજરી વગર પણ તપાસ કરી શકે છે તેથી રિમાન્ડ ન આપવા જોઈએ. બંને પક્ષોની રજૂઆતો સાંભળ્યા બાદ મેટ્રો કોર્ટે ચિરાગ રાજપૂતને બે દિવસના રિમાન્ડ પર સોંપ્યો છે.

# રાજ્યની ૪૦ હજારથી વધારે પ્રી-સ્કૂલની હડતાળ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ

રાજ્ય સરકારના આકરા નિયમો સામે રાજ્યના વિવિધ શહેરોમાં ચાલતી પ્રી-સ્કૂલોએ સરકારના આકરા નિયમો સામે આજે હડતાળ કરી છે. તેના લીધે રાજ્યમાં લગભગ ૪૦ હજારથી વધારે પ્રી-સ્કૂલ આજના દિવસે બંધ રહી છે. પ્રી-સ્કૂલ સંચાલકોની દલીલ છે કે રાજ્ય સરકાર માની ન શકાય તેવા નિયમો લાવી રહી છે. તેમનું કહેવું છે કે એક નાના બંગલામાં ચાલતી પ્રી-સ્કૂલમાં કોઈ બીયુ પરમિશન અને પછી ૧૫ વર્ષના લીઝ એગ્રીમેન્ટ પાછળ ત્રણથી ચાર લાખનો ખર્ચો કરતું હશે. સરકારી ઓફિસોમાં બેસીને કામ કરતાં મોહમ્મદ તઘલખો સરકારને ઊંધાં ઘડિયા ભણાવે છે. આ મોહમ્મદ તઘલખોએ એકપણ પ્રી સ્કૂલની મુલાકાત લીધા વગર નિયમ જારી કરી દીધા છે. આ તંત્ર કીડીને કોશના ડામ દેવામાં માને છે.રાજ્ય સરકાર દ્વારા રાજ્યના વિવિધ શહેરોમાં ચાલતી પ્રી-સ્કૂલ અંગે કડક નિયમોનો અમલ શરૂ કરવામાં આવ્યો છે, જેના વિરોધમાં પ્રી-સ્કૂલ સંચાલકો હડતાળ પર ઉતરી ગયા છે. વિરોધમાં આજે રાજ્યમાં લગભગ ૪૦ હજાર પ્રી-સ્કૂલ બંધ રહી છે.

રાજ્ય સરકાર દ્વારા પ્રી-સ્કૂલ અંગે બનાવેલા નિયમોમાં પ્રી-સ્કૂલ ચલાવવા માટે ઓપરેટર પાસે બીયુ પરમિટ અને ૧૫ વર્ષનો રજિસ્ટર્ડ લીઝ એગ્રીમેન્ટ હોવો ફરજિયાત કરવામાં આવ્યો છે. સંચાલકો કહી રહ્યા છે કે આ શક્ય નથી અને નિયમોમાં છૂટછાટની માંગ કરી રહ્યા છે. રાજ્યમાં મોટાભાગની પ્રી-સ્કૂલ મહિલાઓ દ્વારા ચલાવવામાં આવે છે. જો આ નિયમોને કારણે પ્રી-સ્કૂલ બંધ થશે તો મહિલાઓએ તેમની નોકરી ગુમાવવાનો ભય પણ વ્યક્ત કર્યો છે. રાજ્યમાં જો સરકારના આકરા નિયમોના લીધે પ્રી-સ્કૂલોને તાળા વાગે તો પાંચ લાખ મહિલાઓએ નોકરી ગુમાવવાનો દહાડો આવી શકે છે.

પ્રી-સ્કૂલ સંચાલકો અમદાવાદમાં રિવરફ્રન્ટ પર એકઠા થયા હતા અને વિરોધ કર્યો હતો. રાજ્ય સરકારે તમામ પ્રી-સ્કૂલ સંચાલકો માટે પ્રી-સ્કૂલ ચલાવવા માટે સાઈટ પર **BU** પરમિટ, ૧૫ વર્ષનો રજિસ્ટર્ડ લીઝ એગ્રીમેન્ટ વગેરે હોવું ફરજિયાત બનાવ્યું છે. જો કે, ગુજરાત પ્રી-સ્કૂલ એસોસિએશને કહ્યું છે કે ગુજરાત પ્રી-સ્કૂલ એસોસિએશન માટે ૧૫ વર્ષનો લીઝ એગ્રીમેન્ટ આપવો શક્ય નથી. કારણ કે પ્રી-સ્કૂલ એ ખૂબ જ નાનું એકમ છે અને ૧૫ વર્ષ સુધી કોઈ તેને પૂરું પાડી શકતું નથી. કારણ કે મોટાભાગની પ્રી-સ્કૂલ નાના મકાનો કે બંગલામાં ચલાવવામાં આવે છે. તેથી, ૧૧ મહિનાના ભાડા કરાર કરી શકાય છે. પરંતુ ૧૫ વર્ષનો લીઝ કરાર મેળવી શકતા નથી.

# ગાંધીનગરમાં વિકાસકાર્યોમાં વિલંબ એક્સેસ બિલ સામે મેયરની લાલ આંખ

પ્રતિનિધિ દ્વારા

ગાંધીનગર

ગાંધીનગરમાં સંખ્યાબંધ વિકાસ કાર્યો ચાલી રહ્યાં છે. મોટાભાગના વિકાસ કાર્યોમાં નિયત સમયમર્યાદામાં કામ પૂરું થતું નથી. વળી, કામ પૂરું થતાં પહેલાં ટેન્ડરમાં અન્ય કામ ઉમેરવાના કે અન્ય કારણોસર ટેન્ડરની મૂળ રકમની સરખામણીએ ખર્ચ વધી જાય છે અને એક્સેસ બિલનાં ચૂકવણાં કરાય છે. મેયર મીરાબેન પટેલે સોમવારે સંખ્યાબંધ વિકાસ કાર્યોની સાઈટ પર ઓચિંતી મુલાકાત લઈ વિકાસ કાર્યોમાં સમયમર્યાદામાં પૂર્ણ કરવા અને માનીતા કોન્ટ્રાક્ટરો માટે એક્સેસ બિલો મંજૂર કરવાની પ્રવૃત્તિ રોકવા તાકિદ કરી હતી.

મેયરે સિટી એન્જિનિયર તથા એન્જિનિયરિંગ શાખાને સાથે રાખી રક્ષાશક્તિ સર્કલથી સરગાસણ ચોકડી તરફના સર્વિસ રોડ ડેવલોપમેન્ટની કામગીરીની મુલાકાત લીધી. મેયરે ફૂટપાથ, પાર્કિંગ, સ્ટ્રોમ વોટર, સ્ટ્રીટ લાઈટ, લેન્ડસ્કેપિંગ, બેઠક વ્યવસ્થા સહિત તમામ મુદ્દે કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. નાગરિકોની સુખાકારી જળવાય અને કરોડો રૂપિયાનો ખર્ચ એળે ન જાય તેની તકેદારી રાખવા અને ટેન્ડરમાં નિયત ગુણવત્તા સાથે કામગીરી સંપન્ન થાય તે માટે એન્જિનિયર સહિત અધિકારી-કર્મચારીઓને સૂચના આપી હતી. કુડાસણ ખાતે લાઈબ્રેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. લાઈબ્રેરીના બિલ્ડિંગમાં ફર્નિચર વર્ક, ઓડિયો વિઝ્યુઅલ રૂમ વગેરે તૈયાર છે, પરંતુ તેનું લોકાર્પણ થઈ શકે તેવી સ્થિતિ નથી. મેયરે એકાદ અઠવાડિયામાં લાઈબ્રેરીનું લોકાર્પણ થઈ શકે તે માટે ઝડપથી કામગીરી સંપન્ન કરવા સૂચના આપી હતી. આ લાઈબ્રેરીમાં કુડાસણ સહિત આસપાસના વિસ્તારના વિદ્યાર્થી, વ્યાવસાયિક કે સામાન્ય વ્યક્તિ માટે મફત શિક્ષણ અને મનોરંજન સહિતની સુવિધાઓ મળી રહેશે.

વાવોલથી સરગાસણ આવતી કાંસની બંને બાજુ સર્વિસ રોડ ડેવલોપમેન્ટ થઈ રહ્યું છે. નિયત સમયમર્યાદામાં આ કામગીરી પ્લાન મુજબ પૂર્ણ કરવા મેયરે સૂચના આપી હતી.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL